શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૩
અંક : ૧૦

## દિવાળીના મુખ્ય પાંચ તહેવારોનું મહત્વ :




**ધનતેરસ :** કારતક માસની વદ તેરસ એટલે ધનતેરસ. આ દિવસે નવું ધન, ખાસતો સોનું–ચાંદી ખરીદવું તે શુકન ગણાય છે. લોકો આ દિવસે ધનની પૂજા કરે છે. લંકાના રાજા રાવણે પણ કુબેરની સાધના બાદ સુવર્ણ લંકા પ્રાપ્ત કરી હતી તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.




**કાળી ચૌદશ :** આ દીવસે ભગવાન કૃષ્ણએ નરકાસુર અસુરનો વધ કરી પ્રજાજનોને તેના ત્રાસમાંથી ઉગાર્યા જેથી કરીને તેનું નામ નરક ચતુર્દશી પડેલું પણ છે. આ દીવસે તળેલી વસ્તુઓ બનાવીને ખાવામાં આવે છે. એમ કહે છે કે જેટલું તેલ બળે તેટલો કકળાટ ટળે.

**દિવાળી :** દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ. શ્રીરામ રાવણ વધ કરી આ દિવસે અયોધ્યા પહોચ્યાં હતા. અંધારી અમાસને પ્રકાશના દીવડાથી શણગારીને દિવાળી મનાવવાની પરંપરા ત્યારથી ચાલી આવે છે. બાળકો ફટાકડા ફોડીને આ ઉત્સવ મનાવે છે.







**નૂતન વર્ષ :** બહુરંગી તહેવારોની વણજારની પરાકાષ્ટા એટલે દિવાળી અને ત્યારબાદનું સુપ્રભાતમ એટલે નૂતનવર્ષ. નવા દિવસો, નવી આશાઓ, નવા સપના, નવા વિચારો બધુ જ નવું અને તાજગી સભર લઈને આવે નવું વર્ષ.

**ભાઈબીજ :** ભાઈબીજના દીવસે ભાઈ બહેનના ઘરે ભોજન માટે જાય છે અને આ દિવસે યમરાજા યમુનાને ત્યાં ભોજન માટે ગયા હતા. ત્યારથી આ પર્વ મનાવામાં આવે છે.




**બુધ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી, પણ અવસર પેદા કરે છે.**

**વીજળી વિના બોરમાંથી પાણી મેળવવું**

તૌકતે વાવાઝોડા પછી ખેતીવાડીના વીજ જોડાણો રીસ્ટોર થવામાં સમય લાગ્યો હજુ પણ અમુક ગામોમાં ખેતી માટે વીજળી મળી શકી નથી જેથી પાણી વગર ખેડૂતો મુશ્કેલીમાં છે. દવા છાંટવી, પીવાનું પાણી વગેરે જેવી જરૂરિયાતો માટે ખેડૂતોએ એક સરળ પદ્ધતિ દ્વારા ૧૦, ૨૦ કે ૫૦ લીટરની પાણીની આવશ્યકતા સંતોષી શકાય.

**જરૂરી સાધનો :** ૪–૬ ઈંચની જાડાઈનો ૪–૭ ફૂટ પીવીસી પાઈપ, ફૂટ વાલ્વ, વોટર પ્રૂફ ટેપ.

**બનાવવાની રીત :** (૧) કુવાની અંદર મશીનોના પંખામાં ફૂટ વાલ્વનું કાર્ય એક વખત પાણીમાં ડૂબાડવાથી પાણી અંદર ભરાય છે, જેમાં રબરનું બુચ આવે છે તેના લીધે પાણી પાછુ બહાર નથી નીકળતું. (૨) પીવીસીનો પાઈપ ફૂટ વાલ્વ લઈ, તેના ઉપર વોટરપ્રૂફ ટેપ અથવા એરલડાઈટ લગાવી જોડી દેવું જેથી પાણી લીકેજ ન થાય. (૩) પાઈપને બીજી બાજુથી મજબૂત દોરી વડે બાંધવી. (૪) બોરવેલમાં પાઈપ નાખવો, ફૂટ વાલ્વમાંથી પાણી પાઈપમાં ભરાશે.(૫) પાઈપની ક્ષમતા અને સાઈઝ પ્રમાણે પાણી ભરી શકાય. વીડીયો લીંક

https://youtu.be/E9x1c2oAuIg

– વિશાલ ભેડા

**એલાઈડ સિસ્ટમ સાથેની મીટીંગ :**

તા. ૧૮/૧૦/૨૦૨૧નાં રોજ કૃષિ પ્રોજેક્ટની ટીમ સાથે કન્વર્ઝન્સ ઓફીસર અને ચાઈલ્ડલાઈન કોઓર્ડીનેટરએ ગીર સોમનાથ જીલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કલેક્ટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા ખેતીવાડી અધિકારી, બાળ સુરક્ષા અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, ખનીજ એકમ તથા જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી સાથે બેઠક કરી સંસ્થાની કામગીરીથી વાકેફ કર્યા. સંસ્થાની ટીમ તથા જે તે વિભાગો સાથે જયાં જરૂરી હોય ત્યાં પરસ્પર સહયોગ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. કલેકટરશ્રી આર. જી. ગોહીલ સાહેબએ દરિયાકાંઠાના વિસ્તારોમાં કોરોના વેકસીનેશન જાગૃતિમાં કાર્ય કરવા જણાવ્યુ હતું. સંસ્થા પોતાના કાર્ય વિસ્તારમાં કોવિડની શરૂઆતથી જ દરેક કક્ષાએ દરેક પ્રકારે લોકોની મુશ્કેલીઓમાં મદદરૂપ થઈ છે અને વેકસીનેશન માટે પણ સંસ્થાની લોકોને સમજાવી રહી છે.

તા. ૧૮/૧૦/૨૦૨૧નાં રોજ ચાઈલ્ડલાઈન ટીમ દ્વારા જીલ્લા બાળ સુરક્ષા એકમ અમરેલી ખાતે મીટીંગ યોજવામાં આવી જેમાં જીલ્લા બાળ સુરક્ષા અધિકારી વિશાલભાઈ જોશી સાથે નીચે મુજબના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી.

એક વાલીવાળા બાળકો, વિધવા બહેનો

**વજનનો અનુભવ ન કરાવે તેનું નામ સ્વજન.**

અને તેના બાળકો, દિવ્યાંગ / અનાથ / કુપોષીત બાળકો, પાલક માતા પિતા યોજના, વ્હાલી દિકરી યોજના, મુખ્યમંત્રી બાળ સેવા યોજના.

ઉપરોક્ત મુદ્દાઓના આધારે બાળ સુરક્ષા અધિકારી દ્વારા ટીમને બાળકોને લગતી યોજનાઓ અંગે વિસ્તૃત માહીતી આપવામાં આવી તેમજ યોજનાઓના લાભ માટેની પાત્રતા અંગે જાણકારી આપવામાં આવી અને જુદી જુદી યોજનાઓમાં બાળકોને લાભ મળવાપાત્ર હોય તેવા બાળકોની યાદી તૈયાર કરી આવા બાળકોને લાભ અપાવવા અંગે ચર્ચા કરવામાં આવી. પ્રતાપપરા ખાતે ચિલ્ડ્રન હોમનું નવીનીકરણ થઈ રહયું છે અને ૫૦ જેટલા બાળકો રહી શકે તેવી સુવિધાઓ ઉપલબ્ધ થવાની હોય તેથી હાલ કોરોનાની પરિસ્થિતિને કારણે ઘણા બાળકો વાલી વિહોણા થયા છે. તો આવા બાળકોને ચિલ્ડ્રન હોમમાં પ્રવેશ આપી તેનું ભવિષ્ય સુધારવા અંગે તેમને મદદરૂપ બનવા ટીમને સુચનો આપવામાં આવેલ તેમજ એક તેને યોજનાઓ સાથે જોડવા માટે આગળની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કાળજી અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકોને આઈડેન્ટીફાઈ કરી લાભ અપાવવાની કામગીરીઓ કરવા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું.

– ભાવિકા ત્રિવેદી



**કોઈ વ્યક્તિ એવી પણ હોય છે. જે ફક્ત આપણી સામે જ આપણી હોય છે.**

## માસ અવેરનેસ કેમ્પિયન :

કોટન કનેકટના સહયોગથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતા ઉતમ કપાસની પહેલના ચારેય કલસ્ટરમાં આ મહિનામાં  માસ અવેરનેસ કેમ્પિયન ચલાવવામાં આવ્યું. આ વેનકેમ્પિયન દ્વારા ઉત્તમ કાર્ય પર જાગૃતિ અભિયાનની અંદર રૂ ની ગુણવતા, બાળ મજૂરી, દવાના ખાલી ડબલાનો નિકાલ, ગુલાબી ઈયળ રોકવા અને વરસાદી પાણીનો યોગ્ય બચાવ અને ઉપયોગ પર ખેડૂતો, મજૂરો, બાળકો અને ગામના જુદા જુદા ભાઈઓ તથા બહેનો સાથે ઉપરના મુદાઓની ચર્ચા કરવામાં આવી હતી.

આ વેન કેમ્પિયનની અંદર ઓડિયો સાઉન્ડ દ્વારા ૭ પ્રિન્સીપાલ, ગુલાબી ઈયળ અટકાવવાના પગલાની વાતો, બાળ મજૂરીનો ઓડિયો વગાડવામાં આવ્યો હતો. ખેડુતોના સફળ થયેલ પ્રયોગોની પુસ્તીકા, દવાનું મટિરિયલ, ઉતમ કાર્ય, જુદા જુદા પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની પત્રિકા આપવામાં આવી હતી. પુરા દિવસ દરમ્યાન સવારથી લઈને સાંજ સુધી જે લોકોને માહિતી આપવા માટે અને લોકોને એકત્ર કરવા માટે વિવિધ પધ્ધતિઓ અપનાવવામાં આવી હતી જેમાં વિવિધ નિદર્શનો, નાટકો, મીટીંગ તેમજ કાર્યકર્તાઓ દ્વારા જે પોસ્ટર હતા, તેના પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નાના નાના ગ્રુપમાં તાલીમ પણ આપવામાં આવી હતી. દરેક ગામની શાળાઓમાં બાળકો સાથે બાળમજૂરી બાળકોના અધિકારો તેમજ જંતુનાશકોથી થતા



**દરેક માનવીએ પોતાના જાતને જ વફાદાર રહેવું જોઈએ.**

નુકશાન પર માહિતી આપવામાં આવી. જે ખેડૂતો બીસીઆઈ પ્રોજેકટથી સફળ થયા છે, તેની વિડીયો કિલપ પણ ઉતારવામાં આવી હતી. આ ઉપરાંત પીપીઈ કીટ કાર્યકર્તાઓ દ્વારા પહેરી તેની દરેક ભાગની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉતમ કપાસની પહેલમાં જોડાયેલ ખેડુતો, ખેત મજુરો, બાળકો અને સમાજના આગેવાનો તેમજ સ્થાનિક કર્મચારીઓએ આ અભિયાનમાં સહયોગ કર્યો હતો. આ ઉપરાંત પ્રોજેકટના ગામોની અંદર અમુક ખેડૂતોના પ્રશ્નો થયા હતા, તો તેના પણ જવાબો આપવામાં આવ્યા હતા. પ્રોજેકટ સિવાયના ખેડૂતોને પ્રોજેકટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેની અંદર પ્રોજેકટના સિદ્ધાંતો, ક્રાઈટએરિયા, લોકલ પાર્ટનર, ઈમ્પ્લીમેંટીંગ પાર્ટનર તેમજ પુરી સપ્લાઈ ચેઈનની માહિતી આપવામાં આવી હતી. આ વેન કેમ્પિયન દ્વારા ગામની અંદર વધુમાં વધુ લોકો સાથે પીપીઈ કીટ, ગુલાબી ઈયળ, એચએસએસઈ, બાળ મજૂરીની વાતો કરી શકીએ તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને ખેતી ખર્ચ ઘટાડીને પોતાની ખેતીમાં આધુનિકતા સાથે નફો મેળવે અને જીવનધોરણમાં સુધારો લાવી શકે અને જે ખરેખર શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર વતી ખેતીલક્ષી સુધાર માટેના પ્રયાસો ચાલી રહયા છે તેને મજબુતી મળે એ જ અભિયાનનો હેતુ હતો.

– પરેશ સોલંકી



**સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.**

## ત્રિમાસિક રીવ્યુ મિટીંગ

૪ ઓકટોબર ૨૦૨૧, પ્રાર્થનાથી પ્રારંભ. ગત મીટીંગની કાર્યવાહીની ચર્ચા થઈ. પર્ફોમન્સ મુજબ થયેલ પ્રગતિના મુદાઓ શેર થયો તેના અનુસંધાને જીવન શિક્ષણ અંગે વાતો કરી જે નીચે મુજબ છે.

**સ્વયં સાથે સફળતા :** સમાજમાં હકારાત્મક પરિવર્તન માટે ભાગીદારીની સમજૂતી માટે શીખવાના સિદ્ધાંતો સમજવા સફળ પ્રયાસ કર્યા.

૧. કોઈ કોઈને શીખવી શકતું નથી, આપણે માત્ર શીખી શકીએ છીએ. ૨. હૃદયની સામેલગીરી વિના સાચી રીતે શીખી શકાતું નથી. ૩. શિક્ષણનું હાર્દ હૃદયની કેળવણી છે. જીવનને કાર્યશાળામાં લાવો અને કાર્યશાળાને જીવનમાં લઈ જાવ. ૪. શીખવાનો શ્રેષ્ઠતમ રસ્તો અન્યોને શીખવવાનો છે. ૫. શીખવું એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. ૬. શીખવા માટે કીંમત ચૂકવવી પડે છે જેટલી કીંમત ચૂકવવાની તૈયારી તેટલું જ આપણે પામીએ છીએ. ૭. પોતાની અંદર પડેલા બીજને ઓળખીને જ શીખવાની સાચી પ્રક્રિયા નક્કી કરી શકાય છે.

ઉપરોક્ત સિદ્ધાંતો સમજવા સહભાગિતા બની. ખુબ ચર્ચા થઈ. મત–મતાંતરનાં અંતે શીખવા અને સમજવાની પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

મનાંનકનો અંગે સમજ : જેવી દ્રષ્ટિ, તેવી સૃષ્ટિ. આપણે જયારે વિશ્વનું વર્ણન કરવા મોં ખોલીએ છીએ, ત્યારે ખરેખર આપણે વિશ્વનું નહિ પણ આપણું વર્ણન કરતા હોઈએ છીએ.

**મનાંનકનોનાં પ્રકાર :** જાત પ્રત્યેના, લોકો પ્રત્યેના, જીવન પ્રત્યેના મનાંનકનો.

બે જુથમાં સભ્યોને બે ફોટો બતાવવામાં આવ્યા અને સૂચનો આપ્યા કે દરેક વ્યકિતએ ફોટો ૩૦ સેકન્ડ માટે જોવો અને તે ફોટોનાં નિરીક્ષણ કાર્ય બાદ તમને શું જોવા મળ્યું તે જણાવે. સભ્યો પાસેથી મળેલા જવાબ જેવા કે એક વૃદ્ધ સ્ત્રી, બાળક, યુવતી જેવા વિવિધ પ્રકારે ટીમના દરેક સભ્યોના મનો–મંથન બાદ યુવાન સ્ત્રી હોવાનો સ્વીકાર બન્યો. જે ધારી લીધુ તે જો આપણી ધારણા ખોટી છે તો બદલવા તૈયારી દર્શાવી.

### મનાંનકનોનાં પરિવર્તનની પ્રક્રિયા

કલ્પનાશકિતના ઉપયોગ દ્વારા ૨૪ કલાકમાં મૃત્યુની કલ્પના, દરેક આવી કલ્પના સૃષ્ટિમાં જઈ પરત આવ્યા બાદ કોઈએ કહયું કે હું આ અંતિમ સમયમાં મારી પાછળ રહેલા મારા પરિવારનું ભવિષ્ય સિકયોર કરૂં, હું આ સમય મારા મિત્રો અને પરિવારજનો સાથે પસાર કરૂં. કોઈએ કહયું કે હું આ સમયમાં અંતિમ જરૂરી કાર્ય પૂર્ણ કરું, હું મારા મનની ઈચ્છાઓને પૂર્ણ કરૂં.

**પડકાર જેટલો મોટો સફળતા એટલી જ મોટી.**

## મૃત્યુ બાદ પોતાની શ્રધ્ધાંજલી કાર્યક્રમની કલ્પના/અનુભવો

સૌ પ્રથમ શાંતિનો માહોલ ઉભો કરવામાં આવ્યો. જેથી કલ્પના શકિતને વધુ મજબુત અને સક્રિય કરી શકાય. ત્યાર બાદ હિરલબેન ડોડીયા દ્વારા જે સુચનાંઓ આપવામાં આવી એ મુજબ દરેક લોકોએ પોતાની કલ્પનાના જગતમાં પોતાનાં જ મૃત્યુનો અનુભવ કર્યો.

ઉ.દા. આપણે બાથરૂમમાં નાહવા જઈએ, જમીન પર પડેલો સાબુ આપણા પગની નીચે આવે અને આપણે લપસી જઈએ. ત્યારબાદ આપણે મૃત્યુ પામીએ છીએ. આપણને સ્મશાન સુધી લઈ જાય છે અને આ દરેક વસ્તુ આપણો જીવ જોઈ રહયો હોય છે. ૪ દિવસ પછી આપણું બેસણું હોઈ છે. માતા–પિતા, પરિવારજનો, સગાવહાલા, મિત્રો, સ્નેહીજનો આપણા વિશે શું વિચારે છે, તેની કલ્પના કરવામાં આવી.

આપણી અંદર રહેલા સદગુણોની ઓળખ કરી, આપણા જીવનમાં તેનું કેટલું યોગદાન રહેલું છે તે જાણવામાં આવ્યું. હકારાત્મક જીવન શૈલી અપનાવવા પ્રેરિત કર્યા. મૃત્યુ એ મોટામાં મોટો શિક્ષક છે, મૃત્યુની અનુભૂતીથી જીવન જીવવાનો સાર્થક માર્ગ મળી રહે છે.

### ઈવેલ્યુએશન :

ત્રણ મહિનાની કામગીરીના આધારે મુલ્યાંકન કરવામાં આવ્યું જેમાં ટીમ દ્વારા પરસ્પર મળેલા સૂચનો અને ક્ષતિઓ જોવા મળી તેનું યોગ્ય નિવારણ લાવવા પર ચર્ચા કરવામાં આવી.

– રોનીતા રામાણી



**સફળતાના પાયામાં હંમેશા સંઘર્ષ જ હોય છે.**

## Happy Birthday

Janki Pandya 28.11.1992

## In this month

| | |
|---|---|
| 4 | Staff training on life skill. |
| 5 | Quarterly review meet with all project teams. |
| 5 | REEL project team training. 10 AIF fellowship meet |
| 11 | Gir Somnath government office visit. |
| 13 | Westzone director meet. |
| 19 | Field visit at Khambha, Jafrabad and Rajula. |
| 22 | Finalised website of Hariraj organization. |
| 23 | Meeting on Jal jivan mission. |

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Regi. No. AMR/91/2021-23
Valid Upto 31/12/2023

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**પહેલું મૌન વાણીનું અને છેલ્લું મૌન વિચારનું છે.**